=============================================================

**મહુવાના મહે. એડી.જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ  સમક્ષ,મહુવા.**

ફો.કે.નં.૭૫૮/૨૦૨૫
આંક–

ફરીયાદી  શ્રી સરકાર

વિ.

આરોપી  મગનભાઈ કાળુભાઈ સોલંકી.
રહે. ઝુપડપટ્ટી, તા.મહુવા, જી.ભાવનગર.

**બાબત : પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી)મુજબ**

(૧) આરોપી કોર્ટમા હાજર થતા, તેમને પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવી. આ કામના આરોપી હાજર થઈ ગુનો કબુલ કરવા માંગતા હોય, આજરોજ તેઓની પ્લી લેતા તેઓએ તેમની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જે બાદ આરોપીએ આજરોજ કબુલાત પુરસીસ આપી પોતાની સામેનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે. જેથી આરોપીને કાયદાની સજાની જોગવાઈથી વાકેફ કરેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમાં જણાવેલ છે. જેથી આરોપીને કાયદાની જોગવાઈથી વાકેફ કરેલ છે. આરોપીએ કબુલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ માણસ છે. કુટુંબના તમામ સભ્યોની જવાબદારી તેમના શીરે છે. તેમનો પ્રથમ ગુનો છે, ભવિષ્યમાં ગુનો નહી કરવાની ખાત્રી આપે છે, ગુના બદલ પસ્તાવો વ્યકત કરે છે, અંતમા રહેમ રાખવાની અરજ કરેલ છે. વધુમાં આરોપીને કબુલાત તેમની વિરુધ્ધનો પુરાવો ગણાશે તેવી સ્પષ્ટ સમજ આપવામા આવેલ છે. આમ છતા આરોપી રાજીખુશીથી સ્વેચ્છાએ સદરહુ ગુનો કબુલ કરે છે આ સંદર્ભમાં ૨૦૦૫(૧) જી.એલ.આર પાના નં.૭૦૯, ગુજરાત સરકાર વિ. નટવર હરચંદજી ઠાકોરના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ઠરાવેલ ચુકાદો ધ્યાને લેતા, કાયદામાં ઠરાવેલ ચુકાદો ધ્યાને લેતા,કાયદામાં ઠરાવેલ ઓછામા ઓછી સજા કરતા પણ ઓછી સજા ખાસ વિશિષ્ટ કારણોસર ફરમાવવાની અદાલતને સત્તા છે અને સદરહુ ચુકાદાના પાના નં. ૭૨૧ ઉપર પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોય તેમ જણાય છે. આરોપીની આર્થિક અને સામાજીક સ્થિતી સારી નથી તેમજ આરોપીનો આ પ્રથમ ગુન્હો છે અને તેનાં કુંટું બનાં મુખ્ય કમાનાર અને જવાબદાર વ્યકિત છે. તેમજ આરોપીનાં જણાવ્યા પ્રમાણે કાયદાકીય અજ્ઞાનતા

=============================================================

અને શરતચુકથી કુદરતી સંજોગો વસાત હાલનો ગુન્હો બનેલ છે. ગુન્હો કરવા પાછળ કોઈ બદઈરાદો નથી અને તેની ભવિષ્યમાં આવા પ્રકારનો કોઈ ગુન્હો નહી બને તેવી સંપૂર્ણ તકેદારી રાખવા ખાત્રી આપેલ છે. આ તમામ સંજોગોને ઘ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેના વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. તેથી ઓછામા ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું માનુ છુ. વિશેષમાં જો આરોપીને જેલમાં મોકલવામાં આવે તો તેમના પરિવાર અને આર્થિક પરિસ્થિતી ઉપર પણ વિપરીત અસર થાય તેમ જણાય છે તેમજ પરિવારના ભરણ-પોષણનો સવાલ ઉભો થાય તેમ છે.વિશેષમાં આરોપીને જેલમાં મોકલવાથી જેલમાં અન્ય ગુનાહીત માનસ ધરાવતા અલગ અલગ ઈસમોના સંપર્કમાં આવવાથી આરોપીના માનસ ઉપર વિપરીત અસર થાય તેમ છે._જેથી આ તમામ કારણોસર નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:-હુકમ:-**

(૧) આ કામના આરોપી મગનભાઈ કાળુભાઈ સોલંકીને ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫ અન્વયે પ્ર ોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૨૯, માહે-મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૯/૦૫/૨૦૨૬
સ્થળ-મહુવા.

(જયેશકુમાર બાબુભાઈ શર્મા)
એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
મહુવા.
કોડ નં.જીજે૦૧૬૨૩

<u>એ.એમ.વાળા</u>